divyabhaskar.com




આણંદની એન. એસ. પટેલ કોલેજના યજમાન પદે આયોજિત ગુજરાતી સાહિત્ય પરિષદના 47માં અધિવેશનનું રઘુવીર ચૌધ પરીખ, વર્ષા અડાલજા, સહિત પરિષદના હોદ્દેદારોના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

# આણંદમાં ગુજરાતી સાહિત્ પરિષદના અધિવેશનનો પ્રારં

ભાસ્કર ન્યૂઝ. દિપક આશર, જયેશ અધ્યારુ

આ વર્ષે 108 વર્ષની થયેલી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું 47મું વાર્ષિક અધિવેશન આણંદ ખાતે આજથી દબદબાભેર શરૂ થયું. આ વખતનું અધિવેશન બે રીતે ખાસ છે. એક તો આ મહિને કનૈયાલાલ મુનશીની સવાસોમી જયંતિની પૂર્ણાહુતિ થઇ રહી છે. જ્યારે જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા કવિ રાજેન્દ્ર શાહની જન્મ શતાબ્દી પણ આ જ વર્ષે ઉજવાઇ રહી છે. આણંદની એન. એસ. પટેલ કોલેજના પટાંગણમાં ઊભા કરાયેલા વિશાળ ડોમમાં 'જય જય ગરવી ગુજરાત'ના ગાન સાથે અધિવેશનને ખુલ્લું મુકાયું હતું.

ગુજરાત સાહિત્ય પરિષદનું 47મું અધિવેશન

વર્ષાબહેને ટૂંકા વક્તવ્યમાં ટ્વેન્ટી ટ્વેન્ટી મેચ જેવી ફટકાબાજી ચાલુ રાખી હતી અને કહ્યું કે, 'આનંદની વાત છે કે ફેસબુક-વ્હોટ્સએપ્પની જનરેશન પણ હવે પરિષદ સાથે જોડાઇ છે. યુવાસર્જકોને ચેતવણી પણ આપી કે લોકપ્રિયતા એ લપસણો ઢાળ છે. ગુજરાતી સાહિત્ય પરિષદના નવા વરાયેલા પ્રમુખ ધીરુભાઇ પરીખે કહ્યું હતું કે આ સૃષ્ટિનું સર્જન કરનારા સૌપ્રથમ સર્જક બ્રહ્માએ પણ કોઈના કહેવાથી નહીં બલ્કે સ્વયંભૂ રીતે આ સૃષ્ટિનું સર્જન કરેલું

## આવી હાજરી આવતી કાલે પણ હોય તો



**ગુજરાતી** સાહિત્ય પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ સાહિત્યકાર રઘુવીર ચૌધરીએ શ્રોતાઓ હાજરી જોઇને પોતાના વકતવ્યમાં એક ટ આવતી કાલે આટલી હાજરી હોય તો સા સાહિત્ય પરિષદનું સંમેલન હોય ત્યારે ત્ય રજા હોય. મહારાષ્ટ્રમાં છ સાહિત્ય સંસ્થા સંમેલન કરે, એની સરખામણીમાં આપણે ત્યાં મર્યાદિત હાજ

## મને માતૃ ભાષાના ભવિષ્યની બહુ ચિંતા



**વર્ષાબહેને** કહ્યું કે મને માતૃભાષાના ભવિષ ચિંતા નથી કેમ કે, સૂર્ય એક સ્થળે અસ્ત બીજાં અનેક સ્થળે ઉદય પામતો હોય છે. કેટકેટલી નવી નવી રીતે ઉદય પામી રહી માતાપિતાઓને બાળકોને તો અંગ્રેજીમાં જ છે. એ પેઢી જ્યારે વાંચતી થશે ત્યારે એમ ગુજરાતી વાંચતા જ નહીં આવડતું હોય અથવા રસ પણ નહીં

[illegible] કરવું, અને મનુષ્યમાત્ર પણ બ્રહ્માવતારે જ છે. જો સર્જક કોઈને વશ થઈને સર્જન કરે, તો તે એક પ્રકારની ભાટાઈ જ કરે છે.

છેલ્લે પ્રાસંગિક ઉદ્‌બોધન કરવા આવેલા પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ, સર્જક અને 'દિવ્ય ભાસ્કર'ના કોલમ્નિસ્ટ રઘુવીર ચૌધરીએ ભૂમિ ચરોતરના પ્રદાનની પણ એમણે વાત કરી. સરદાર પટેલ, સ્વતંત્ર પક્ષ અને બાબુભાઈ જશભાઈ પટેલથી લઈને ગોવર્ધનરામ ત્રિપાઠી, જશવંત શેખડીવાલા, ઈશ્વર પેટલીકર, જોસેફ મેકવાન જેવી પ્રતિભાઓ-ઘટનાઓ આ ધરતી પર જ સંભવી શકે તેવું તેમણે જણાવ્યું હતું.

## પરિષદ ગુજરાત વ્યાપી સંસ્થા બને



**પ્રમુખ** ધીરુભાઇ પરીખે કહ્યું હતું કે યુવાનો સાહિત્યની સમજ કેળવાય એવાં કાર્યક્રમ કાઢીશું. અત્યારે અમે મોટું ગ્રંથાગાર ઊભું તેને અમે ખૂબ મોટું વિકસાવીશું ત્યાં સૌને ચર્ચાઓ ગોઠવીશું. દર અઠવાડિયા પંદર અમદાવાદમાં જ નહીં, વડોદરા, સુરત, કા વગેરેમાં કાર્યક્રમો થાય. અને પરિષદ ગુજરાત વ્યાપી સંસ્થા